ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૬-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### લલિત-સુષમા વિવાદ મોદી માટે ગળાની ફાંસ

સાતસો કરોડની હેરાફેરીના ‘વોન્ટેડ’ આરોપી ભારતીય ક્રિકેટ જગતના ખલનાયક લલિત મોદી કાયદાના સકંજામાંથી બચવા રાતોરાત ભાગી ગયેલા અને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા ‘ભાગેડુ’ જાહેર કરાયેલા આર્થિક ગુનેગાર છે. લંડનમાં વટથી રહેતા લલિત મોદીનું સુષમા કનેકશન બહાર આવતાં વિપક્ષોને ભાજપ પર માછલાં ધોવાની સોનેરી તક સાંપડી છે. સુષમાની પુત્રી બાંસુરી એમની લીગલ ટીમની સભ્ય છે. ભારત સરકારે ભાગેડુ જાહેર કરેલ આઇપીએલના સંસ્થાપક ધનકુબેરનાં પ્રવાસ ડોક્યુમેન્ટ્સ જપ્ત કરવામાં આવ્યાં હતા અને યુપીએ સરકારે બ્રિટીશ સરકાર સાથે શરત કરી હતી કે જો આ દસ્તાવેજો મોદીને સુપરત કરાશે તો બે દેશો વચ્ચેના મધુર સંબંધો વણસશે. આવી હાલતમાં એક નિર્વાસિત ભાગેડુની જેમ બ્રિટનમાં રહેતા લલિત મોદીએ એમનાં પત્નીની પોર્ટુગલ ખાતે થનારી કેન્સર માટેની સર્જરીમાં પોતાની સહમતિથી જરુર હોવાનું જણાવી સુષમા સ્વરાજ સાથેના અંગત સંબંધો વટાવી બ્રિટીશ સરકાર પાસેથી જરુરી દસ્તાવેજો પ્રાપ્ત કરી લીધા તે બાબત બહાર આવતાં વિપક્ષને સુષમા સ્વરાજની હકાલપટ્ટીની માગણી કરવાનો મોકો પ્રાપ્ત થયેલ છે. સુષમા સ્વરાજે સાંસદ કીથ વાઝ તેમજ લંડનના હાઇ કમિશનર સાથે વાત કરીને બ્રિટીશ કાનૂન જો આવા કેસમાં માનવતાના ધોરણે છૂટછાટ આપતો હોય તો લલિત મોદીને જરુરી દસ્તાવેજ ઉપલબ્ધ કરાવવા ભલામણ કરી હોવાનું કબૂલ્યું છે. આ પગલું એમને કદાચ વડાપ્રધાનની જાણ બહાર, અંગત હેસિયતથી જ ભર્યું હોવું જોઇએ. જો એમ ન હોત તો આખી વાત જાહેર થયા પછી એમને વડાપ્રધાનના વિશ્વાસુ સાથી રાજનાથસિંહ પાસે ચોખવટ કરવા અને પોતાનો કેસ સમજાવવા દોડી જવું ન પડયું હોત. પૂર્વ ક્રિકેટર - ભાજપ સાંસદ કીર્તિ આઝાદે આખી બાબત પાછળ પાર્ટીના જ કોઇ હિતશત્રુનો ભાગ ભજવી રહ્યા હોય એવી શંકા વ્યક્ત કરી છે. મોટા ભાગના વિપક્ષોને સુષમા સ્વરાજના આ કૃત્યને દેશ હિત વિરોધી ગણાવી એમનું રાજીનામું માગ્યું છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ મુદ્દે સુષ્મા સ્વરાજની તરફેણ કરી છે અને ભારતીય નાગરિક લલિત મોદીને માનવતાના ધોરણે મદદ કરવામાં વિદેશ મંત્રીએ કશું જ ખોટું નહીં કર્યું હોવાનું નિવેદન કર્યું છે. સામે પક્ષે કોંગ્રેસ એવી દલીલ કરે છે કે શું કાલે દાઉદ ઇબ્રાહિમ માનવતાને ધોરણે આવી મદદ માગશે તો સરકાર એને પણ મદદ કરશે? લલિત મોદીને માનવતાના ધોરણે મદદ કરી ત્યારે સુષમાએ એમને બ્રિટીશ સરકાર દ્વારા ભારતના હવાલે સુપરત કરવાની પણ માગણી કરવી જોઇતી હતી. સંઘને પણ વિશ્વાસમાં લઇ સુષમાના પગલાને યોગ્ય ઠેરવતા ગૃહમંત્રી રાજનાથસિંહે વડાપ્રધાનને પણ આખી ઘટનાથી વાકેફ કર્યા છે. શરુથી જ મોદીનાં કટ્ટર વિરોધી રહેલા સુષમા સ્વરાજ રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયા છે અને વડાપ્રધાનની તથા ભાગેડું લલિત મોદીની અટક સમાન હોઇ એ પોતે પણ મૂંઝવણમાં મુકાઇ ગયેલ છે.



ભારત સરકારના ખેલ મંત્રાલય અને રમત ગમત વિભાગના એકમ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પુનઃ જાગરણ હેઠળ આમજા ગામ ખાતે એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશેની માહિતી શેરી નાટક અને રંગલા-રંગલીના મનોરંજક કાર્યક્રમ દ્વારા આપવામાં આવી હતી. સાથે નગરની જાણીતી સંસ્થા બ્લ્યુ બબલ્સ એકેડમીના કલાકારો દ્વારા ગણેશ વંદના, ગુજરાતી ફોક ડાન્સ, દેશભક્તિ ગીત જેવા સતરંગી કાર્યક્રમોની રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવૃત્ત સનદી અધિકારી આઈ.એ. વોરા અને નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર તેમજ આમજા ગામના સરપંચ ભીખાજી ઠાકોર, ડેપ્યુટી સરપંચ અમૃતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. લક્ષ્મણભાઈ ચૌધરી દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આમજાના યુવા કાર્યકર જયેશભાઈ ચૌધરી અને તેમની પુરી ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ સાંસ્કૃતિક, માહિતીસભર કાર્યક્રમનું સફળ સંચાલન બ્લ્યુ બબલ્સ એકેડમીના ડીરેક્ટર કશ્યપ નિમાવતે કર્યું હતું.

## બોર્ડની પૂરક પરીક્ષા ૮મી જુલાઈથી યોજાશે

### વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા જુલાઈ-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા જુલાઈ-૨૦૧૫નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. પૂરક પરીક્ષાનો તા. ૮મી જુલાઈથી પ્રારંભ થશે જે તા. ૧૧મી જુલાઈ સુધી ચાલશે. પૂરક પરીક્ષાઓમાં વિજ્ઞાન, સામાન્ય, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ સંસ્કૃત મધ્યમાનો સમાવેશ કરાયો છે.

પૂરક પરીક્ષાઓ સવારે અને બપોરે એમ બે ભાગમાં લેવાશે. સવારનું પેપર ૧૦.૩૦ થી ૨ વાગ્યા સુધી અને બપોરના સેશનનું પેપર ૩ થી ૬.૩૦ વાગ્યા દરમ્યાન લેવાશે. વિદ્યાર્થીઓએ પરીક્ષાના પ્રથમ દિવસે ૩૦ મિનિટ અગાઉ અને બાકીના દિવસોમાં ૨૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે પહોંચી જવાનું રહેશે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તા. ૮મી જુલાઈથી તા. ૧૦મી જુલાઈ દરમ્યાન લેવાશે જ્યારે બાકીના પ્રવાહો માટે તા. ૧૧મી જુલાઈના રોજ પૂરક પરીક્ષા લેવાશે.

## શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પગલે ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા જોગ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૧મી જૂન, ૨૦૧૫ના રોજ નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ ૩ની જગ્યા માટેની પરીક્ષા યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાના સમયે અસામાજીક તત્વો પરીક્ષામાં ગેરરીતી ન આચરે, પરીક્ષા સંચાલનમાં શાંતિ અને સરળતા રહે, ઉમેદવારો શાંતિના વાતાવરણમાં નિર્ભય રીતે પરીક્ષા આપી શકે, પરીક્ષામાં ગેરરીતીઓ ન થાય તે માટે અનઅધિકૃત સાહિત્ય અથવા તેની ઝેરોક્ષ નકલો થતી અટકાવી શકાય તે હેતસુર જાહેર હિતમાં ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રોના નજીકના ૧૦૦ મીટર વિસ્તારમાં આવેલ તમામ ખાનગી માલિકીના ઝેરોક્ષ સેન્ટરોમાં આવેલા ઝેરોક્ષ મશીનો માત્ર પરીક્ષા સમય ગાળા દરમ્યાન બંધ રાખવા તથા પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાની શુધ્ધતા જળવાઈ રહે તે માટે મોબાઈલ ફોન, કેલ્કયુલેટર તથા પેજર જેવા આધુનિક સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા ઉપર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી વી.જી.કાલરિયા દ્વારા -તિબંધ મુકવામાં આવ્યો છે.



## કાનપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના કાનપુર સ્થિત પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અંતર્ગત ભુલકાઓને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળાના પટાંગણમાં પ્રથમ ડગ ભરતા બાળકોને મ્હો મીઠુ કરાવી શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગામના આગેવાનો, બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## શ્રી શક્તિ મહિલા કો. ઓ. ક્રેડિટ સોસાયટી, માણસાના મહિલા સભ્યોનું સંમેલન યોજાયું

શ્રી શક્તિ મહિલા કો.ઓ. ક્રેડિટ સોસાયટી, માણસાના મહિલા સભ્યોઓનું સંમેલન આજરોજ અડતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ વાડી, માણસા ખાતે યોજાયું હતું. મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે દીપ -ાગટ્ય કરીને આ સંમેલનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ -સંગે મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સમાજમાં મહિલાઓને આગળ આવવા માટે અનેક સંઘર્ષ કરવા પડે છે. સંઘર્ષ કરવાથી જ શક્તિ ખીલે છે, તેવું જણાવીને સીતા, મીરા, ઝાંસીની રાણી લક્ષ્મી બાઈ જેવી મહાન નારીઓના જીવન અંગેની રસ-દ વાત કરીને ઉપસ્થિત સર્વે મહિલાઓને તેમનામાં રહેલી શક્તિનો અહેસાસ કરાવ્યો હતો. આ -સંગે શ્રી શક્તિ મહિલા કો.ઓ.ક્રેડિટ સોસાયટી, માણસાના -મુખ શ્રીમતી અરૂણાબેન ચૌધરીએ સોસાયટીની સ્થાપનાથી લઈ આજ દિન સુધી સોસાયટીએ કરેલ વિવિધ -વૃત્તિઓની ઝાંખી કરાવી હતી.

# કન્યા કેળવણીને ખરા અર્થમાં ચરિતાર્થ કરીએ!

વિચારસભા

- નેહલ જયદીપ ગઢવી

જૂન મહિનાનો આરંભ થતાં જ વાતાવરણમાં ફેરફાર જણાવાની શરુઆત થઇ જાય છે. કાળઝાળ ગરમીનું સ્થાન હવે અસહ્ય ઉકળાટ અને બફારાએ લઇ લીધું હોય છે. સ્કૂલ-કોલેજોના નવા સત્રનો પણ આરંભ થઇ જાય છે. શાળાઓના શરુ થવાની આ ઘટના પર આ દિવસોમાં વોટ્સઅપ પર એક સરસ મેસેજ ફરતો થઇ ગયો છે કે, શાળાઓ શરુ થઇ ગઇ અને બગીચાના પુષ્પો ફરી એકવાર બુકેમાં ગોઠવાઇ ગયા. વાત સીધી અને સરળ છતાં વેધક છે. બગીચાના પુષ્પો મુક્ત રીતે હવામાં ખીલખીલાતા અને ઝૂમતા હોય છે. બુકેના પુષ્પો શિસ્તબદ્ધ રીતે શાંત બનીને ગોઠવાઇ ગયા હોય છે, એમાં જે બાળકો માટે આ પ્રથમવાર જ શાળાએ જવાનો અવસર હોય છે તેની વેદના તો અસહ્ય હોય છે. આ બાળકનો આક્રંદ અને વિલાપ જોઇને આસપાસ રહેલા વૃક્ષો પર ક્ષુબ્ધ બની જતા હશે ! ખેર, જો કે આ બાબત જીવનના દરેક તબક્કે પીડાકારક હોય છે એટલે કે કોઇ પણ નવી શરુઆત કરીએ ત્યારે આપણે સૌ કોઇ આ તકલીફમાંથી ચોક્કસ પસાર થતા હોઇએ છીએ! ફરક માત્ર એટલો જ કે મોટા થયા પછી આ રીતે મુક્ત પણે રડવું કે બૂમો પાડવું આપણા માટે સાહજિક બનતું નથી! નાનપણના બગીચાના પુષ્પો શાળાઓ શરુ થતાં જ જે રીતે બુકેમાં ગોઠવાઇ જાય છે તે જ પુષ્પો યુવાન બનતાં બનાવટી પુષ્પો બની જાય છે! બનાવટી પુષ્પોનો રંગ, આકાર, કદ વગેરે પેલા સાચા ફૂલોની જેવું જ હોય છે પરંતુ, તેમાં નથી અનુભવી શકાતી પેલા બગીચાના પુષ્પની સુવાસ! કવિ પ્રહલાદ પારેખ લખે છે :

મારે રંગો છો,
અને આકારો છે,
કલાકારે દીધો, તમ સમીપ આનંદ કણ છે,
અને બાગમાંના કુસુમ થકી લાંબુ જીવન છે.
ઘરોની શોભામાં,
કદી અંબોડામાં,
રહો છો ત્યાં જોઇ ઘડીભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં કદીક વળી વેણો ઊચરતું.
પરંતુ જાણ્યું છે,
કદી વા માણ્યું છે,
શશીનું, ભાનુનું ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું,
વસંતે વાયુનું રસિક અડવું આ અનુભવ્યું ?
ન જાણો નિંદું છું,
પરંતુ પૂછું છું,
તમારા હૈયાનાં ગહન મહીંયે આવું વસતું ?
દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.

શાળા જીવનની શરુઆતે કન્યા કેળવણીનો પણ ઘણો પ્રચાર પ્રસાર થાય છે. આજના યુગમાં મહિલાઓ માટે Sky is the limit એવો અભિગમ હોય તેવી પ્રતીતિ થાય છે. પરંતુ, ખરા અર્થમાં સ્ત્રીઓને થતો અન્યાય હજુ સુધી આપણે પુરેપુરો અટકાવી શક્યા નથી. ‘મલાલા’ ને આપણે સૌએ બિરદાવી એ વાત ચોક્કસ ઉલ્લેખનીય ગણાય પરંતુ, તેની સફર કેટલી વિકટ અને જીવલેણ રહી તે પણ આપણા સૌએ જાણ્યું છે! ગામડાંઓમાં આજે પણ ભણવા જનાર દીકરી ઘરના કેટલાય કામો પતાવીને જ શાળાએ જઇ શકે છે અને જે દિવસે ઘરમાં કોઇ વ્યક્તિ બિમાર હોય કે કોઇ સારો-નરસો પ્રસંગ હોય ભોગ હંમેશા બાળાઓના શિક્ષણનો જ લેવાય છે ! તેને નાનપણથી જ સમાધાન કરતાં અને અનુકૂળ થઇને જીવવાનું શીખવવામાં આવે છે. નાનપણમાં વેઠેલી અને સ્વીકારેલી જવાબદારીઓ આજીવન તે ચૂપચાપ નિભાવ્યા જ કરે છે! સ્ત્રીઓ પાઇલટ બનીને વિમાન ચલાવે કે પ્રધાનમંત્રી બનીને દેશ પર શાસન કરે કે અન્ય કોઇ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થાય તે બાબત માત્રથી સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થઇ ગયો હોવાનું માનવું ભૂલભરેલું છે. મુખ્ય બાબત તો એ છે કે સ્ત્રી પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ બદલાયું કે નહિં! બહાર બધા સામે સ્ત્રી સન્માનની વાતો કરવી અને તેને પ્રમુખ બનાવીને હારતોરા પહેરાવી સુંદર શબ્દોમાં એની પ્રશંસા કરવી એ આજના દંભી સમાજમાં ઘણી સામાન્ય બાબત બની છે ! પરંતુ, આ બધી બાબતોની ભીંતરમાં રહેલું સત્ય સાવ કુરુપ છે! સાચી રીતે તો હજી પણ એની પૂરેપુરી અવગણના થાય છે. હજી પણ એની શક્તિની હાંસી કરવામાં આવે છે. સુંદર શબ્દોથી એની પ્રશંસા કરનારાઓ ખાનગીમાં એની ગંદી મશ્કરી કરી શકે છે. સ્ત્રીના સૌંદર્યની અને એના યૌવનની પૂજા થાય છે, પણ એની પાછળ રહેલા સાચા સ્ત્રીત્વની ક્રૂર મશ્કરી કરવામાં આવે છે. હજી પણ સ્ત્રીને ઢોરમાર મારવામાં આવે છે. આપણે રસ્તા પર દારૂ પીને ચકચૂર પતિને પોતાની પત્નીને ઢોર માર મારતો જોયો છે. પણ એથી પણ વધુ કરુણ પરિસ્થિતિ સારા અને સભ્ય ગણાતા સમાજના લોકોના ઘરોમાં સ્ત્રીઓની અવદશાની હોય છે. બહારથી ફોરવર્ડ અને સુધરેલા લાગતા લોકો પણ સ્ત્રીઓ માટે સાવ જ હીનભાવના સેવતા હોય છે.

આજના યુગમાં પુરુષોને પોતાની સાથે હરે-ફરે, મોર્ડન અને સ્માર્ટ દેખાય, ભણેલી-ગણેલી અને સ્વનિર્ભર હોય તેવી અને ઘર-પરિવારને સરસ રીતે બેલેન્સ કરે તેવી જીવનસંગીનીની અપેક્ષા હોય છે. પણ જયારે વૈચારિક સ્વાતંત્ર્યની વાત આવે ત્યારે પરિસ્થિતિ સાવ બદલાઇ જતી હોય છે. સ્ત્રીમાં તો પહેલેથી શક્તિનો અખૂટ સ્ત્રોત રહેલો જ હતો, છુપાયેલો હતો. સમયે તેને એક તક આપી છે. પોતાની જાતને વધુ વિકસાવવાની અને ખીલવવાની એક સાચી ગૃહિણી જયાં જાય છે ત્યાં સદાય એની આસપાસ ગૃહ રચાઇ જાય છે એના મસ્તક ઉપર ખુલ્લું આકાશ જ ભલે હોય, પણ જયાં કયાંક એ હશે ત્યાં ઘર હોવાનું જ. તત્ત્વચિંતક ગુણવંત શાહ લખે છ`તેમ, “ધૃતરાષ્ટ્રને સો જેટલા દીકરા હતા. પરંતુ જો ધૃતરાષ્ટ્ર-ગાંધારીને દીકરીઓ મળી હોત તો કદાચ મહાભારતનું યુદ્ધ ટળી ગયું હોત. યુદ્ધ મૂળે પુરુષ ઘટના છે.” યુદ્ધની નાબૂદી સ્ત્રીત્વના વિકાસ વિના શક્ય નથી. યુદ્ધની સામે ટકી શકે તેવી એકમાત્ર ઘટના માતૃત્વ છે. ગમે તેટલો વરસાદ પડતો હોય તોય આ પૃથ્વી ઝાકળબિંદુ વિના અધૂરી ગણાય. એ ઝાકળબિંદુનું નામ દીકરી છે. સામાન્ય રીતે સ્ત્રીઓને લાગતું હોય છે કે પતિ ગમે તેવો હોય, ગમે તે કરી તેને સહન કરીને તેને અનુસરવું. પુરુષ પરાક્રમ કરે તો ચોક્કસપણે સ્ત્રીઓનું કર્તવ્ય છે કે તે પુરુષની સાથે જ રહે અને મદદ પણ કરે. પરંતુ, પુરુષ અયોગ્ય વર્તન કે વ્યવહાર કરે તો તેણે ચુપ ન જ રહેવું, તે કોઇ ધર્મ ન જ ગણાય! માં, પત્ની અને બહેનના સ્ત્રીના આ રુપમાં અપારશક્તિ રહેલી છે. આ શક્તિનો ઉપયોગ તેણે પુરુષને બચાવવામાં કરવાનો છે, પુરુષને અયોગ્ય વ્યવહાર કરતા અટકાવવાની ફરજ સ્ત્રીની છે. તેણે સહન કર્યા વિના મજબૂત બનીને અન્યાયનો સામનો કરવાનો છે. જે સ્ત્રી પોતાના પતિ કે ઓફિસમાં તેના ઉપરી અધિકારીના શોષણનો મૂંગો મોઢે અન્યાય સહે છે તે સતી નથી! મોર્ડન અને ભણેલીગણેલી તેમ જ અભણ અને ગમાર કોઇ પણ પ્રકારની સ્ત્રીએ અન્યાય સહન કરવાનો નથી જ. તેનો હિંમતભેર સામનો કરીને તેણે પોતાનામાં રહેલી અપારશક્તિનો અહેસાસ સમગ્ર દુનિયાનો કરાવવાનો છે. તો જ કન્યા કેળવણીના આ મિશનનો ખરા અર્થમાં અમલ થયો ગણાશે! આપણે સૌએ સાથે મળીને એક એવા સુંદર સમાજની રચના કરવાની છે કે જયાં સૌ કોઇ મુક્તપણે પોતાના વિચારો વ્યક્ત કરી શકે અને વ્યક્તિત્વને સંપૂર્ણપણે ખીલવી શકે.